અપીલ અરજી નં.૪૫૦ તા.૩–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ એન.બથવાર
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ )
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન.બથવારની તા. ૦૫–૧૦ –૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) કોસાડ ૩૬ બિલ્ડીંગનાં ૧૭૭૬ આવાસ યોજનાં અંગેના ટેન્ડરની જાહેરાત સમાચાર પત્રોમાં કયા અધિકારીએ આપી હતી અને કયા અધિકારીના હુકમથી આપી હતી જે અધિકારીના નામ, પોસ્ટ સહિતની માહિતી ની નકલ (૨) સ્થાયી સમિતિએ કોસાડ આવાસ યોજના અંગેની ગાઈડ લાઈન મુદ્દા નં.(૩) ટાઉન પ્લાનીંગ વિભાગના અને સ્લમ અપગ્રેડેશન સેલની મેળવ્યા વગર જ કોસાડ આવાસ બાંધકામનું ટેન્ડર તા. ૨૮–૧૨–૦૭ના રોજ મંજુરી કરી અને તા. ૧૦–૧–૦૮ના રોજ વર્ક ઓડર થઈ ગયા બાદ તા.૨૬–૧૧–૦૯ના રોજ લેખિતમાં ૧૩ મુદ્દા ઊભા કરી કમિશ્નરશ્રી પાસે ખુલાસો કયા આધારે માંગે છે જે અંગેની માહિતીની નકલ વિ.મુદ્દા નં.(૧)થી (૧૧)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૫૦/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન.બથવારની તા. ૦૫–૧૦ –૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) કોસાડ ૩૬ બિલ્ડીંગનાં ૧૭૭૬ આવાસ યોજનાં અંગેના ટેન્ડરની જાહેરાત સમાચાર પત્રોમાં કયા અધિકારીએ આપી હતી અને કયા અધિકારીના હુકમથી આપી હતી જે અધિકારીના નામ, પોસ્ટ સહિતની માહિતી ની નકલ (૨) સ્થાયી સમિતિએ કોસાડ આવાસ યોજના અંગેની ગાઈડ લાઈન મુદ્દા નં.(૩) ટાઉન પ્લાનીંગ વિભાગના અને સ્લમ અપગ્રેડેશન સેલની મેળવ્યા વગર જ કોસાડ આવાસ બાંધકામનું ટેન્ડર તા. ૨૮–૧૨–૦૭ના રોજ મંજુરી કરી અને તા. ૧૦–૧–૦૮ના રોજ વર્ક ઓડર થઈ ગયા બાદ તા. ૨૬–૧૧–૦૯ના રોજ લેખિતમાં ૧૩ મુદ્દા ઊભા કરી કમિશ્નરશ્રી પાસે ખુલાસો કયા આધારે માંગે છે જે અંગેની માહિતીની નકલ વિ.મુદ્દા નં.(૧) થી (૧૧)ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. એસયુસી / આઉટ નં./ ૧૪૯૮ તા. ૧–૧૧–૧૧, ઈ.ચા.ડે.કમિ.(હે અનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. જા.નં.પીએચડી/માર્કેટ/૭૬૮તા. ૧૪–૧૦–૧૧, ઈ.ચા.પર્સોનલ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં. પીએચડી/ પીઓ/આરટીઆઈ/૨૧ તા. ૨૪–૧૦–૧૧થી અધુરી, અપારદર્શી અને માંગેલ માહિતીથી અલગ જ માહિતી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે માહિતી અંગે દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૬૦ તા.૧૬–૧૨–૧૧ થી** ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ ), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ) , ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ. તથા અરજદારને હકીકતલક્ષી દસ્તાવેજી નકલો–માહિતી મળ્યા બાદ વ્યકત કરેલ નારાજગીની વિગતો અંગે આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/આ.નં.૩૪ તા.૨૨–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૨૬ તા. ૭–૧૦–૧૧ થી ટાઉન પ્લાનીંગ વિભાગ, કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલ, આરોગ્ય અધિકારી અને આસી. સેક્રેટરી સ્થા. સમિતિને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૧ તા.૨૪–૧૦–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ. સ્લમઅપગ્રેડેશન વિભાગ તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૧૯૭૨ તા.૨૭–૧૨–૧૧ થી પૂરકવિગતોમાં મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ,

અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એસયુસી/આ.નં.૧૪૯૮ તા.૦૧–૧૧–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. તેમજ અપીલ અધિકારી અને ઈ.ચા. સેક્રેટરીને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૧૨૨૨ તા.૦૯–૧૨–૧૧ થી અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૭–૧૨–૧૧ નો પત્ર મળેલ છે પરંતુ તેમાં કોઈ માહિતી સંદર્ભે નારાજગીની કોઈ રજૂઆત કરેલ નથી પરંતુ સુનાવણીની માંગણીની રજૂઆત કરેલ છે.

અરજદારની તા.૦૫–૧૦–૧૧ ની અરજીથી કોસાડ આવાસ યોજના, હડકવાના કુતરા કડવાથી મૃત્યૃ, અને એસ.એમ.સી.ના ૫,૫૦.૦૦૦/– રૂપિયા ગ્રાહક અદાલતના હુકમ બાબતેની મૃદ્દા ન.૧ થી ૧૧ ની જાહેર માહિતી અધિકારી સેક્રેટરી અને આરોગ્ય વિભાગને સંબોધતી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૨૬ તા. ૭–૧૦–૧૧ થી ટાઉન પ્લાનીંગ વિભાગ, કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલ, આરોગ્ય અધિકારી અને આસી. સેક્રેટરી સ્થા. સમિતિને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૧૪૯૮ તા.૦૧–૧૧–૧૧ થી સમય અવધિમાં મુદ્દા નં.૧,૩ અને ૫ ની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય માર્કેટ તરફથી પત્ર નં.પીએચડી/ માર્કેટ/૭૬૮ તા.૧૪–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૧૦ અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી આરોગ્ય મહેકમ તરફથી મુદ્દા નં.૧૦ ની માહિતી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૧ તા.૨૪–૧૦–૧૧ થી આપવામાં આવેલ છે. જયારે આરટીઆઈ /સેક્રેટરી/સ્થા.સ./૩૦ તા.૧૧–૧૧–૧૧ થી મુદ્દા નં.૨ અને ૫ થી ૮ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) કોસાડ ૩૬ બિલ્ડીંગનાં ૧૭૭૬ આવાસ યોજનાં અંગેના ટેન્ડરની જાહેરાત સમાચાર પત્રોમાં કયા અધિકારીએ આપી હતી અને કયા અધિકારીના હુકમથી આપી હતી જે અધિકારીના નામ, પોસ્ટ સહિતની માહિતી ની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સ ેલ તરફથી સમય અવધિમાં મોજે કોસાડ DPR-V(H-4, H-5) માં શહેરી ગરીબો માટેના આવાસો બનાવવાની કામની ટેન્ડર નોટીસ ડે.મ્યુ. કમિશ્નર (જન) શ્રી મહેશસિંઘની સહીથી ટેન્ડર નોટીસ નં.ડે. મ્યુ. કમિશ્નર (જન) એસયુસી/૦૩/ ૨૦૦૭–૦૮ થી વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૧ માં કયા અધિકારીના હુકમથી સદર ટેન્ડરની જાહેરાત મહેશસિંઘે આપી હોય તો નું નામ જણાવેલ નથી તેથી તેવી માહિતી અધૂરી અને અપૂરતી છે તેવા પ્રશ્ન બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી ડે.મ્યુ. કમિ. (જન.) મહેશસિંઘ જણાવેલ છે. તેથી તે અંગે તકરારને કોઈ સ્થાન નથી. (૨) સ્થાયી સમિતિએ કોસાડ આવાસ યોજના અંગેની ગાઈડ લાઈન. મુદ્દા નં.(૩) ટાઉન પ્લાનીંગ વિભાગના અને સ્લમ અપગ્રેડેશન સેલની મેળવ્યા વગર જ કોસાડ આવાસ બાંધકામનું ટેન્ડર તા. ૨૮–૧૨–૦૭ના રોજ મંજુર કરી અને તા. ૧૦–૧–૦૮ના રોજ વર્ક ઓર્ડર થઈ ગયા બાદ તા. ૨૬–૧૧–૦૯ના રોજ લેખિતમાં ૧૩ મુદ્દા ઊભા કરી કમિશ્નરશ્રી પાસે ખુલાસો કયા આધારે માંગે છે જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી કોસાડની જગ્યાના ભાવિ વિકાસ માટે ટાઉન પ્લાનીંગ વિભાગ ધ્વારા તૈયાર કરવામાં આવેલ માસ્ટર પ્લાનના અમલીકરણની કાર્યવાહીના ભાગરૂપે સ્લમ અપગ્રેડેશન સેલ વિભાગે હાઉસીંગને લગતી તબકકાવાર કામગીરી જેવી કે સરકારશ્રીમાં DPR મંજુર કરાવવા ટેન્ડર મંજુર કરાવવાની અને મંજુર થયેલ ટેન્ડર મુજબ વર્ક ઓર્ડર આપવાની કામગીરી કરેલ છે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે પ્રતયુત્તર આપેલ નથી તેવું જણાવેલ છે પરંતુ જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૩ નો પ્રત્યુત્તર એસયુસી/૧ ૪૯૮ તા.૦૧–૧૧–૧૧ થી કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૪) ટાઉન પ્લાનીંગ વિભાગના અધિકારી અને સ્લમ અપગ્ર ેડેશન સેલના અધિકારી જાણતા હતા કે ૨૧૭૯૨ ચો.મી. જમીનને સંપાદન કરવામાં આવેલ નથી તેમ છતાં ૧૦–૦૧ –૦૮ થી ઈજારદારને વિવાદિત ખાનગી જમીન પર એ–૪–૫ પર આવાસ વર્ક ઓર્ડર કયા આધાર આપ્યો જે અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.(૫) કોસાડ આવાસ યોજનાની ખાનગી જમીન ૨૧૭૯૨ ચો.મી. ની દરખાસ્ત તત્કાલીન કમિ.શ્રી એસ. અપર્ણા મેડમે તા.૨૩–૧૧–૦૯ ના રોજ સદર જમીન ફરીજયાત સંપાદનની દરખાસ્ત સ્થા. સ. ના એજન્ડામાં મુકેલ ત્યારે સ્થા. સ. એ સદર દરખાસ્તને મુલતવી રાખી ત્યાર બાદ તા.૧૭–૧૨–૦૯ ના રોજ ફરી સદર જમીનને સંપાદન અંગેની દરખાસ્ત કરેલ છે તેમ છતાં સ્થા. સ. એ સદર દરખાસ્તને મુલતવી કયા આધારે કરી હતી તે અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.(૬) બે વર્ષ પહેલા કોસાડ આવાસ યોજનાની ૩૬ બિલ્ડીંગ ૧૭ કરોડમાં બનતી હતી અને હવે મકાનખંડેર બનેલ હોય જેને નવેસરથી રીટેન્ડરીંગ કરવા માટે ૧૦ કરોડ વધારે મુકવાના ખાનગી જમીન સંપાદન કરવાના બીજા ૧૦ કરોડ જંત્રીના હિસાબે ખાનગી જમીન માલિકોને ચૂકવણી રકમ ૨૦ કરોડમાં એસ.એમ.સી. સ્વાયત સંસ્થાને નુકશાન કરનારા ભ્રષ્ટ ટાઉન પ્લાનીંગ વિભાગના , સ્લમ અપગ્રેડેશન સેલના અધિકારીઓની સાથે જ સ્થા.સ. ના સભ્યો પણ જીમ્મેદાર જણાય જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી મુદ્દા નં.૫ થી જણાવેલ છે કે માંગ્યા મુજબની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે સંતોષકારક માહિતી આપવામાં નિષ્ફળ રહેલ છે તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. વધુમાં આ મુદ્દામાં અરજદારે વિધાન વાકય કરેલ જણાય છે. સ્પષ્ટ રીતે માહિતી માંગણી જણાવેલ ફલીત થતું નથી. મુદ્દા નં.૭ કોસાડ આવાસ કૌંભાડમાં એસએમસીને ૨૦ કરોડના નુકશાનમાં નાંખનાર ટાઉન પ્લાનીંગ અને સ્લમ અપગ્રેડેશન સેલના

અધિકારીઓ પાસેથી સ્થા. સ. એ ૧૫ દિવસમાં તપાસના રીપોર્ટનો ઠરાવ કરેલ છે જે અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.૮ સદર કોસાડ આવાસ ૧૭૭૬ માં ૨૦ કરોડના કૌભાંડમાં જે અધિકારીઓની જવાબદારી ફીકસ થાય તેઓને ફરજીયાત ઘેર બેસાડો અને જેઓને સાથ– સહકાર અને બચાવ કરનાર અધિકારીઓને પણ ઘેર બેસાડવા અંગેની માહિતીની નકલ. જેમાં પણ કાર્યવાહી હાથ ધરવાને લગતી રજૂઆત જણાય છે. મુદ્દા નં.૯ કોસાડમાં અધૂરા છોડી દેવાયેલ આવાસોની જમીન સ્થા. સ. એ સને ૧૯૪૯ ના બીપીએમસી એકટની કલમ–૭૮ અનુસાર ફરજીયાત સંપાદન કરવાનો આદેશ ૧૫ દિવસમાં રજૂ કરવાનો કમિ.શ્રીને આપેલ આદેશ– ઠરાવની નકલ. મુદ્દા નં.૧૦ ઈન્દુબેન બીપીનભાઈ ચાવડા ઉંમર –૩૮ વર્ષ ને તા.૦૫–૧૨–૦૯ ના રોજ કતારગામ શાક માર્કેટમાં હડકવા કુતરાએ બચકુ ભરેલ જેથી તા.૮–૧૨–૦૯ થી તા.૨–૧–૦૭ સુધી રૂા.૧૦૦ લેખે કતારગામ હેલ્થ સેન્ટરમાં પાંચ ડોઝ હડકવાના મુકાવ્યા હોવા છતાં તા.૮–૫–૦૮ ના રોજ તેઓની તબિયત બગડતા તેઓને સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરેલ અને જેઓનું બિમારીનું નિદાન હડકવાનું આવ્યું અને ચાલુ સારવાર દરમ્યાન સ્મીમેર હોસ્પિટલમાં ઈન્દુબેનનું દુખદ અવસાન થવાથી સદર બનાવની ફરીયાદ તેમના પતિ બિપીનભાઈ અને તેમના બે સંતાનોએ રાણીપુર હડકવાની રસી બનાવતી કંપની અને એસ.એમ.સીના કમિ.શ્રી વિરુધ્ધ ગ્રાહક અદાલતમાં દાદ માંગતા. રાણીપુર હડકવાની રસી બનાવતી કંપનીએ પોતાના બચાવમાં જણાવ્યું કે અમો છેલ્લા ૧૮ વર્ષથી આ વેકસીન રસી બનાવીએ છીએ આજ સુધીમાં ૫૦ લાખ વેકસીન રસીનું વેચાણ કરેલ છે પરંતુ આવી કોઈ ફરીયાદ અમારી કંપની પર થઈ નથી જેથી સદર ફરીયાદમાં એસએમસી ના કતારગામ હેલ્થ સેન્ટરની બેદારકારી સાબિત થવાથી ગ્રાહક અદાલતના મહેરબાન જડજ સાહેબોએ એસ.એમ.સીને ૫.૫૦.૦૦૦/– રૂા. મૃતકના પરિવારને ચૂકવવાનો હુકમ કરેલ છે. આ બનાવમાં આરોગ્ય અધિકારીશ્રી હેમંત દેસાઈ ઈ.ચા. આરોગ્ય અધિકારી અને ડે.કમિ. (હેઅનેહો) ના એ કતારગામ આરોગ્ય સેન્ટરના આરોગ્ય અધિકારીઓ, નર્સોની જવાબદારી ફીકસ કરી જેઓની વિરુધ્ધ બેદરકારી બેજવાબદારી અંગેની શિક્ષાત્મક કાર્યવાહી અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય મહેકમ/આરટીઆઈ/૨૧ તા.૨૪–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં આ મુદ્દા પરથી માંગેલ માહિતી બાબતે જણાવવાનું કે પ્રસ્તુત કોર્ટ કેસમાં સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ તરફથી આપવામાં આવેલ ચૂકાદા સામે અપીલ–સ્ટે અરજી કમિશન (રાજય કમિશન) માં દાખલ કરવા અંગે હાલમાં કાર્યવાહી ચાલુ છે. આથી સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ તરફથી આપવામાં આવેલ ચૂકાદા બાબતે હાલ તુરંત સુરત મહાનગરપાલિકાના કતારગામ અર્બન હેલ્થ સેન્ટરના ડોકટર/નર્સ સામે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી. તે બાબત જાણમાં લેવા વિનંતી. મુદ્દા નં.(૧૧) ઈ.ચા. આરોગ્ય અધિકારી અને ડે.ઈજનેર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારીશ્રી કુતરાઓની ખસી અંગેનું મુર્હુત જોતા હોય તેમ જણાય છે. વડોદરા મહાનગરપાલિકામાં કુતરાઓની સંખ્યા વધી જવાથી ખસી કરવામાં આવેલ છે ખસી કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય માર્કેટ તરફથી પત્ર નં.પીએચડી/માર્કેટ/આ.નં.૭૬૮ તા.૧૪–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં જાહેર આરોગ્ય ખાતા સંચાલિત માર્કેટ વિભાગ ધ્વારા સુરત શહેર હદ વિસ્તારમાં રખડતાં કુતરાઓમાં ખસીકરણ/રસીકરણ કરવાની કામગીરી કરાવવા માટે એકસપ્રેશન ઓફ ઈન્ટ્રેસ્ટ મંગાવવામાં આવેલ છે જે વહીવટી પ્રક્રિયા હેઠળ છે. જો આપ કુતરાઓમાં ખસીકરણની વધુ વિગતો જાણવા ઈચ્છુક હોય તો આ તમામ વિગતો ભારતીય પશુ કલ્યાણ બોર્ડની ઓફિસીયલ વેબસાઈટ WWW. awbi.com ઉપર માહિતી મળી શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે દોષીને સજા કરો અને શિક્ષાત્મક કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ છે તથા કતારગામ હેલ્થ સેન્ટરના ડોકટર કે નર્સ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેની વિગતો જણાવવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં હજુ સુરત શહેરને કુતરાના રસીકરણ અને ખસીકરણ અંગે રાહ જોવી પડશે તેવું વિધાન કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને વહીવટી પ્રક્રિયા હેઠળ હોવાનું દફતરી હકીકત જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના લગતા મુદ્દાઓની માહિતી અરજદારને પૂરી પાડેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. આ સિવાયના મુદ્દાઓ સેક્રેટરી વિભાગને લગતા હોય તે અંગે અત્રેથી આરટીઆઈ સેલ/આ.નં.૧૧૨૨ તા.૦૯–૧૨–૧૧ થી અપીલ અધિકારી સેક્રેટરીને તબદીલ કરવામાં આવેલ છે .

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૫–૧૦–૧૧ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો મુદ્દા નં.૪ અને ૫ ની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ નો દિન–૭ ની અવધિમાં કચેરી કામકાજ દરમ્યાનનો આગોતરો સમય મેળવી નિર્દિષ્ટ દફતરની તપાસણી કરવા અરજદાર સ્વતંત્ર છે. જે અંગે અરજદારે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ નિયત ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદારની તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,

(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ ), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ......જાણ તથા અમલ માટે

(૨)શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર